હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સાહેબ મારી ભેંસ પણ ગઈટી થવા આવી છે... એનેય રસી આપી દો ને....?

સે-૪માં પાણીની પોકાર યથાવત

નવો બોર બનાવાયો પણ પાણીની સમસ્યા યથાવત : રહીશોમાં આક્રોશ : સેક્ટરના ૨૦૦ ઘરોમાં પાણી ફોર્સથી આવતુ નથી : લાંબા સમયના અંતે પણ સમસ્યાનુ નિરાકરણ આવતુ નથી

ગાંધીનગર તા ૧૩

શહેરના સેકટરોમાં સમયાંતરે પાણીની પોકાર ઉઠતી રહે છે. એકબાજુ ગરમી ચાલુ થઇ ગઇ છે ત્યારે પાણીનો વપરાશ પણ વધે છે. ત્યારે આકરી ગરમીના દિવસોમાં હજુ સે-૪ માં પાણીની સમસ્યા હલ થઇ ન હોવાનો સુર સ્થાનિકો ઉઠાવી રહ્યા છે. સેકટર - ૪ માં પાણીના પ્રશ્નને હલ કરવા માટે તંત્ર દ્વારા નવો બોર પણ બનાવાયો છે. પરંતુ હજુ સુધી પાણી ફોર્સથી ન આવતુ હોવાનો આક્રોશ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે.

શહેરમાં વારંવાર પાણીની પોકાર ઉઠતી રહે છે. સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતુ હોવાની સાથે પાણીની ગુણવત્તા સામે પણ અનેકવાર સવાલો મંડરાય છે. શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે ૨૪ કલાક પાણીનો સપ્લાય આપવા માટે ટુંકમાં જ પાઇપલાઇનનુ કામ પણ શરૂ કરવામાં આવશે.જયારે પાણીની પોકાર ડામવા માટે દાયકાઓ જુની લાઇન પણ અપગ્રેડ કરવા માટે કરોડોનો ખર્ચ કરવામાં આવશે. પરંતુ હાલની સ્થિતિએ સેકટરોમાં પાણીના ફોર્સ મામલે વારંવાર ઉઠતી ફરિયાદો સ્થાનિકોના રોષનુ કારણ બની છે. શહેરના સે-૪ માં છેલ્લા બે મહીનાથી પાણીના કકળાટથી ગૃહીણીઓમાં રોષ પ્રવર્તયો છે.

સે-૪ માં પાણીની સમસ્યાને ડામવા માટે તંત્ર દ્વારા થોડા સમય અગાઉ નવો બોર બનાવાયો છે. પરંતુ બોરના નિર્માણ બાદ હજુ પાણીનો પ્રશ્ન યથાવત હોવાનો આક્રોશ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી પાણીનો પ્રશ્ન સેકટરમાં ગંભીર બનતા તંત્ર દ્વારા નવો બોર બનાવવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી. સેકટરમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની સાથે ડહોળુ પાણી આવતુ હોવાનો કકળાટ પણ ઉઠવા પામ્યો હતો જયારે બોર બનાવાયા બાદ પણ હજુ પાણીની સમસ્યા હલ થઇ ન હોવાનો સુર સ્થાનિક રહીશોએ ઉઠાવ્યો છે.

સેકટરમાં નવા બોરના અંતે પણ સેકટરના ૨૦૦ જેટલા ઘરોમાં પાણી ફોર્સથી આવતુ નથી આ મામલે સ્થાનિક અગ્રણીઓએ તંત્રને તપાસ કરીને સમસ્યાનુ નિરાકરણ લાવવા માટે પણ રજુઆત કરી છે. સેકટર ૪ માં લાબા સમયથી પાણીની પોકાર સતત કાને અથડાય છે. ત્યારે પાણીની પોકાર કાયમ માટે ડામવા અસરકારક આયોજન થાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.

ખૂણેખાંચરેથી

- મોરબીના ધારાસભ્ય અને પૂર્વ અધિકારી બ્રિજેશ મેરજાને પગે ફ્રેક્ચર થયુ છે.
- ગાંધીનગર શહેરમાં રજાનો માહોલ હોવાથી લોકોએ મોટાભાગનો સમય ઘરમાં જ વિતાવ્યો હતો.
- સરકારના પૂર્વ અધિક સચિવ જે.બી. વોરા દ્વારા ''રેવન્યુ ક્લીનીક''નો નવતર અભિગમ હાથ ધરવામાં આવ્યો છે.
- ગ્રામ્ય વિસ્તારમાં ૫૬ આરોગ્ય કેન્દ્રો પર આજે ૯૧૬ જેટલી વ્યકતીઓનું કોરોના વેક્સીનેશન કરાયુ હતુ.
- સોમવારથી ધો. ૩ થી ૮ ના બાળકોની પરીક્ષા શરૂ થઈ રહી છે.
- ધો. ૬ થી ૧૨ ના પાઠ્યપુસ્તકોમાં ૧૭૦ જેટલી ભૂલો રહી ગયાની ચોંકાવનારી હકીકતે તંત્રને હચમચાવી દીધુ છે.
- ગાંધીનગર મેડીકલ કોલેજમાં ભણી અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને આજે એક સાદા સમારોહમાં ડિગ્રીઓ એનાયત કરવામાં આવી હતી.

તાલુકા-જિલ્લા પંચાયતમાં

ભાજપ દ્વારા પહેલીવાર પક્ષના નેતા અને દંડકની નિમણુંક પણ કરવામાં આવશે

પ્રમુખ-ઉપ પ્રમખની ચૂંટણી વખતે જ કારોબારી સમિતિના સભ્યોના નામ જાહેર થશે

ગાંધીનગર, તા. ૧૩

ભારતીય જનતા પક્ષ દ્વારા આ વખતે પંચાયત પ્રમુખ-ઉપ પ્રમુખની ચૂંટણીની સાથે જ પંચાયતની કારોબારી સમિતિના નામો જાહેર કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે સ્થાનિક સ્વરાજયની આ સંસ્થાઓમાં પણ પક્ષના નેતા અને દંડકની વરણી પ્રથમ વખત કરવામાં આવનાર છે.

આજથી પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકનો દોર શરૂ થયો છે. ગાંધીનગર જિલ્લામાં જિલ્લા પંચાયત, બે તાલુકા પંચાયતો અને બે નગરપાલિકાના નવા સૂત્રધારો નક્કી કરવામાં આવનાર છે.

જિલ્લા ભાજપની સંકલન સમિતિની બેઠક બે વખત મળી ચૂકી છે અને કાલે પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં ગાંધીનગર અંગે નિર્ણય લેવામાં આવશે તેમ પક્ષના સૂત્રોનું કહેવું છે. પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં જે નિર્ણય લેવાશે તે પછી ૧૬મીએ ઉમેદવારી પત્ર ભરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં બે દાયકા બાદ ભાજપે સત્તાના સૂત્રો સંભાળ્યા છે. બધાજ તાલુકાઓને સરખો ન્યાય આપવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે. જિલ્લા એકમ દ્વારા સમિતિઓની રચના અંગેનો નિર્ણય નિરીક્ષકોની હાજરીમાં લેવામાં આવશે તેમ પણ પક્ષના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ભારતીય જનતા પાર્ટી આ વખતે પદાધિકારીઓની નિમણુંકમાં કોઈ સમાધાન કરવા ઈચ્છતી નથી. મહાનગરપાલિકાની જેમ તાલુકા-જિલ્લા પંચાયતોમાં પદાધિકારીઓની પસંદગીમાં ગંભીરતાથી વિચારણા ચાલુ છે.

માર્ચના અંત સુધીમાં શહેરમાં ગરમીનો પારો ૪૧ ડીગ્રી પહોંચી જશે

ગાંધીનગર તા ૧૩

માર્ચ મહીનામાં તા ૧૯ થી ૨૩ દરમિયાન દરમિયાન ગુજરાતમાં જેમાં ખાસ કરીને કચ્છ , ઉત્તર સૌરાષ્ટ્ર , રાજસ્થાનના નિકટવર્તી ભાગોમાં આંધી પવન સાથે કમોસમી વરસાદ થવાની સંભાવના છે. જયારે તા ૧૫ માર્ચ બાદ મહીનાના અંત સુધીમાં ગરમીનો પારો ૪૩ ડીગ્રી સુધી પહોંચી જવાની સંભાવના છે. ગાંધીનગર અમદાવાદમાં આ દિવસો દરમિયાન કાળઝાળ ગરમી સાથે ધુળિયા વાતાવરણ વચ્ચે પલ્ટો જોવા મળશે.

રાજયના અનેક ભાગોમાં માર્ચ મહીના દરમિયાન વાતાવરણમાં પલ્ટો જોવા મળશે : જુનાગઢ , અમરેલી ,સુરેન્દ્રનગર , વડોદરા, ગોધરા અને આણંદમાં ગરમી ૪૩ ડીગ્રી વધવાની સંભાવના : તા ૧૯ થી ૨૩ માર્ચ દરમિયાન ધુળિયા વાતાવરણ વચ્ચે કરા અને કમોસમી વરસાદની શકયતા : અંબાલાલ પટેલ

જાણીતા જયાતિષી અંબાલાલ દા પટેલના જણાંવ્યા મુજબ માર્ચના આગામી દિવસોમાં પણ પશ્ચિમી વિક્ષેપની શ્રૃંખલાઓ આવ્યા કરશે. તા ૧૪ અને ૧૫ માર્ચના રોજ દેશના ઉત્તરિય પર્વતીય પ્રેદશોમાં હીમ વર્ષા અને કમોસમી વરસાદની સંભાવના છે. ત્યારબા ધીમે ધીમે ગરમીનુ પ્રમાણ વધતુ જશે. તા ૧૭ માર્ચથી ગરમી વધે રાજસ્થાનના ભાગો મહારાષ્ટ્રના વિસ્તાર અને ગુજરાતના કેટલાક ભાગોમાં ગરમી વધતી જાય જો કે વચ્ચેના સમયગાળામાં પશ્ચિમી વિક્ષેપ આવતા ગરમીમાં વધઘટ પણ થઇ શકે. આમછતા રાજયના કેટલાક ભાગોમાં માર્ચના અંત સુધીમાં ગરમીનો મહત્તમ પારો ૪૩ ડીગ્રી સુધી પહોંચી જવાની સંભાવના રહેલી છે. જુનાગઢ , અમરેલી, રાજકોટ, મધ્યગુજરાતના ભાગો વડોદરા, આણંદ, અમદાવાદ, ગાંધીનગરના ભાગો તેમજ ઉત્તર પશ્ચિમ ગુજરાતના ભાગોમાં કાળઝાળ ગરમીની સંભાવના છે. પશ્ચિમી વિક્ષેપની અસર હેઠળ તા ૧૯ થી ૨૩ માર્ચ દરમિયાન દેશના ઉત્તર પર્વતીય ભાગો પંજાબ હરિયાણા , રાજસ્થાન, મધ્યપ્રદેશના ભાગો તેમજ ગુજરાતના કચ્છ સુધીના ભાગોમાં ગલ્ફથી આવતુ ધુળકટ સાથે વિવિધ વિસ્તારમાં કમોસમી વરસાદ કે કરા પડવાની સંભાવના છે. આ સમયગાળામાં દક્ષિણ ભારતના ભાગોમાં પણ વરસાદની ગતિવિધિ વધે જેમાં તામિલનાડુ, કર્ણાટક , દક્ષિણ મહારાષ્ટ્રના ભાગોમાં વરસાદ થવાની સંભાવના છે. જેની અસર દક્ષિણ ગુજરાતના ભાગો સુધી પણ થઇ શકે જો કે આ વખતે માર્ચ મહીનામાં હવામાનમાં પલ્ટા આવ્યો છે. જે એક વિશિષ્ટ બાબત કહી શકાય તેમ પણ તેમણે જણાંવ્યુ છે.

ઉનાળાના પ્રારંભે જ લીંબુના ભાવ આસમાને

ગાંધીનગર,તા.૧૩

રોજ બરોજ મોંઘવારી વધી રહી છે. જીવન જરૂરિયાતની તમામ ચીજ વસ્તુઓના ભાવ વધી રહ્યા છે . હવે તો ઉનાળાની શરૂ થતાં જ શાકભાજીના ભાવ કૂદકેને ભૂસકે વધી રહ્યા છે. ઉનાળામાં લીંબુની માંગ વધતા એક સપ્તાહમાં ભાવ આસમાને પહોંચ્યા છે. એક સપ્તાહ પહેલા લિબુના ભાવ હોલસેલમાં ૨૦ કિલોના ૧૦૦૦ હજાર રૂપિયા હતા.જે વધીને હોલસેલમાં ૧૩૦૦ રૂપિયા થયા છે. એટલે કે હોલસેલ કરતા રિટેલમાં ભાવ વધારે હોય છે. રિટેલમાં એક કિલો લીંબુનો ભાવ ૧૦૦ રૂપિયા થયો છે.અને જેમ જેમ ઉનાળાની સિઝન આગળ વધશે તેમ ભાવ વધવાની પણ શકયતા છે.

લીંબુ સિવાય અન્ય શાકભાજીના ભાવ પણ ઊંચા છે.

રાજકોટમાં રામકૃષ્ણ આશ્રમના અધ્યક્ષ સહિત ૧૫ સન્યાસી-કર્મચારી કોરોના સંક્રમિત

રાજકોટ,તા.૧૩

રાજકોટમાં રામકૃષ્ણ આશ્રમના અધ્યક્ષ નિખિલેશ્વરાનંદ સ્વામી સહિત ૧૦ સન્યાસી અને પાંચ કર્મચારીઓ કોરોના સંક્રમિત થયા છે. આશ્રમનો મુખ્ય દરવાજો બંધ કરવામાં આવ્યા હતો. તમામ પ્રવૃત્તિઓ થોડા સમય માટે સ્થગિત કરવામાં આવી છે. મંદિર સાથે જોડાયેલા અનુયાયીઓને ટેસ્ટીંગ કરાવવા માટે રામકૃષ્ણ આશ્રમના સંચાલકોએ અપીલ કરી હતી. દરેકને સોશિયલ ડીસ્ટન્સ, માસ્ક પહેરવા અને વિનામૂલ્યે ટેસ્ટ કરાવવા અપીલ કરવામાં આવી હતી.

આશ્રમના ૮૩ વર્ષના સ્વામી અદિભાવાનંદજી છેલ્લા ઘણા વર્ષોથી ડાયાબિટીસ અને અન્ય બીમારીની સારવાર લઈ રહ્યા છે. ત્રણ દિવસ પહેલાં તેમને ખૂબ જ નબળાઈ અનુભવતા ડોક્ટરની સલાહ અનુસાર કોરોનાનો ટેસ્ટ કરાવવામાં આવ્યો હતો. જે ત્યારે નેગેટિવ આવ્યો હતો. ફરીથી ડોક્ટરની સલાહ પ્રમાણે ગઈકાલે તેમને જાણીતી હોસ્પિટલમાં સંપૂર્ણ બોડી ચેકઅપ માટે લઈ જવાયા હતા. ત્યારે સીટીસ્કેન દરમિયાન તેમને કોરોના પોઝિટિવ અને ન્યૂમોનિયા જણાયા હતા.

જેમાં રામકૃષ્ણ આશ્રમના અધ્યક્ષ સ્વામીશ્રી નિખિલેશ્વરાનંદજી તથા અન્ય નવ સ્વામીજીનો તથા પાંચ કર્મચારીઓનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવતા એટલે કે કોરોના સંક્રમિત થયાનું નિદાન થતાં ભક્તોમાં ચિંતાની લાગણી પ્રસરી છે.

વિપરીત પરિસ્થિતિઓમાં શ્રધ્ધાની જયોત અવિરત જલતી રહે છે. ઈશ્વર ગમે તેવા પ્રશ્નો ઉભા કરે, પડકારો આવે પરંતુ ભકતોની શ્રધ્ધા અડગ રહે છે. વાડજથી પેથાપુરનો પગપાળા સંઘ આકરા ઉનાળામાં અવિરત આગળ વધી રહ્યો છે. બાવન ગજની ધજા સાથે સતત આગળ વધતા આ સંઘની શ્રધ્ધા અનન્ય છે.

સસ્તુ સોનુ આપવાની લાલચ આપી વેપારીના ૪ લાખ લઈ છેતરપિંડી આચરનાર ટોળકીનો સભ્ય ઝડપાયો

ગાંધીનગર, તા.૧૩

આજથી વીસ દિવસ અગાઉ ચિલોડા પોલીસ મથકની હદમાં સસ્તુ સોનુ આપવાની લાલચ આપી રાજસ્થાનના વેપારી પાસેથી રોકડા રૂ.૪ લાખ લઈ છેતરપિંડી આચરનાર ટોળકીના એક સભ્યને પાલજ પાટીયા પાસેથી એલસીબી-૧ ટીમે દબોચી લીધો છે. પોલીસે તેની અંગજડતી લેતા રોકડ રકમ રૂ.૧.૫૦ લાખ અને રૂ.૫૦૦ નો મોબાઈલ ફોન કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આ ઉપરાંત આ ઠગ ટોળકીએ આચરેલા વધુ છેતરપિંડીના પાંચ ગુના શોધી કાઢ્યા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ ડી.એસ.રાઓલ પોતાની ટીમ સભ્યો સાથે ચિલોડા પોલીસ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે સમયે આલમપુર ગામના પાટીયા પાસે આવતા સાથે રહેલા હેડ કોન્સ્ટેબલ વિજયસિંહ અને ભવાનસિંહને સંયુકત રીતે બાતમી મળી હતી કે ચિલોડા છેતરપિંડીના ગુનાના આરોપીઓ પાલજ ગામના પાટીયા પાસે રોડ પર ઉભો છે. જેથી પોલીસે તાત્કાલીક બાતમીવાળી જગ્યાએ જઈ એક શખ્સ લીયાકતઅલી સનઓ રસીદુલ્લા અબ્દુલહટ નોડે (ઉં.૩૯ ધંધો- પશુપાલન, રહે.ગુપ્તાનગર, વાસણા અમદાવાદ, મુળ વતન - લુડીયા ગામ હાસમાળી વાસ તા,જી,ભુજ) ને પકડી પાડ્યો હતો. પોલીસે અંગજડતી લેતા તેની પાસેથી રોકડ રૂ.૧.૫૦ લાખ અને એક મોબાઈલ ફોન મળી આવ્યા હતા. પોલીસે તેની પાસેથી મળી આવેલા રૂપીયા અંગે પુછપરછ કરતા તે સંતોષકારક જવાબ આપી શકયો ન હતો અને ગલ્લા-તલ્લા કરવા લાગ્યો હતો. જેને અનુલક્ષી પોલીસે ઉંડાણપૂર્વક પુછતા તેણે જણાવ્યું કે ગત તા.૨૧ ફેબુઆરીના રોજ તેના સાગરીતો રફીક કાસમભાઈ શેખ તેમજ તેના એક મિત્ર સાથે મળી હિતેશભાઈ સતિષભાઈ ચૌધરી (રહે.વાસણા ચૌધરી)ના તબેલા પર ગયા હતા અને રાજસ્થાનની એક વ્યકિતને સસ્તુ સોનું આપવાની લાલચ આપી રૂ.૪ લાખની છેતરપિંડી કરી લઈ જતા રહ્યા હતા. આ બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ગુનો નોંધાયેલ છે. પોલીસે રોકડ રકમ અને મોબાઈલ મળી કુલ રૂ. ૧.૫૦.૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ ગુનાઓ પોલીસ મથકે નોંધાયેલા નથી

- ઉસ્માનભાઈ નામના વ્યકિત પાસેથી રૂ.૨.૫૦ લાખની છેતરપિંડી
- હાલીસા-સાણોદા માર્ગ પર દોઢ વર્ષ પહેલા પોતે તેમજ અન્ય સાગરીત હાજી જલાલ નાડે સાથે મળી એક ભાઈના રૂ.૬૦ હજાર લઈ લીધા હતા
- બે માસ પહેલા પોતે અને ઉપરોકત યુસુફભાઈ સાથે મળી ધાંગધ્રા પાસેથી એક વ્યકિતના રૂ. ૧ લાખ લઈ લીધા હતા.
- પોતે અને ભુજ ખાતે રહેતા સાગરીત અબ્દુલ સાથે મળી ભુજના એક વ્યકિતના રૂ.૧.૫૦ લાખ લઈ લીધા હતા.
- સાત માસ પહેલા પોતાના અન્ય કાસમ નામના સાગરીત સાથે મળી ધાંગધ્રા ખાતેથી એક વ્યકિતના રૂ.૨.૫૦ લાખ લઈ લીધા હતા.
- ઉપરોકત તમામ સ્થળે કાસમ તેમજ રફીક સાથે મળીને નાગરીકો સાથે છેતરપિંડી કરી હોવાની કબુલાત કરી છે.
- અગાઉ આરોપી છેતરપિંડીના ગુનામાં અમદાવાદ ડીસીબી પોલીસ મથક અને ગાંધીનગરના સેકટર-૨૧ પોલીસ મથકમાં પકડાયેલ છે.

વરિષ્ઠ નાગરિકો પાટનગરનું બુદ્ધિધન હોવાથી ચૂંટણીમાં પ્રતિનિધિત્વ મળવુ જોઈએ

ચૂંટણીઓમાં ૬૦ વર્ષથી વધુ વયના ઉમેદવારોને ટિકીટ નહી આપવાના અભિગમ સામે શહેરના વરિષ્ઠોમાં નારાજગી

ગાંધીનગર, તા. ૧૩

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ અગાઉ ભારતીય જનતા પાર્ટી સહિત મુખ્ય રાજકીય પક્ષોએ હવે ૬૦ વર્ષથી વધુ વયના વરિષ્ઠ ઉમેદવારોને ટિકીટ આપવી નહી તેવો અભિગમ અપનાવ્યો છે. જેને અનુલક્ષીને શહેરના વરિષ્ઠ નાગરિકોમાં મતમતાંતર પ્રવર્તી રહ્યાં છે. આમ જુઓ તો ભારત સમગ્ર વિશ્વમાં સૌથી વધુ યુવાનો ધરાવતો દેશ હોવાથી રાજકીય પક્ષોનો અભિગમ પહેલી દૃષ્ટિએ યોગ્ય જણાય પરંતુ આપણે ત્યાં એક કહેવત છે કે ''ઘરડા ગાડા વાળે...'' તે ન્યાયે વરિષ્ઠ નાગરિકોનો અનુભવ અને કોઠાસુઝ અનેક રીતે મહત્વની સાબિત થઈ શકે છે. વળી, ગાંધીનગરની જ વાત કરીએ તો પાટનગર એક કર્મચારી નગર હોવાને કારણે અહી સ્થાયી થયેલા નાગરિકોમાં નિવૃત્ત પેન્શનર્સની સંખ્યા ખૂબ મોટી છે, એક અંદાજ મુજબ શહેરમાં આશરે ૭૦ હજાર જેટલાં વરિષ્ઠ મતદાતાઓ વસવાટ કરી રહ્યાં છે જેઓ શહેરનું બુદ્ધિધન હોવા સાથે તેમની પોતાની સમસ્યાઓ પણ છે તેથી તેઓને પ્રતિનિધિત્વ મળવુ જોઈએ કે કેમ તે અંગે ગાંધીનગર સમાચારે શહેરના કેટલાંક અગ્રણી વરિષ્ઠ નાગરિકો પાસેથી જાણવા પ્રયાસ કર્યો છે જે અત્રે પ્રસ્તુત છે.

●●●

શહેરનું બુદ્ધિધન વિકાસમાં ઉપયોગી બની શકે

ગાંધીનગર શહેરમાં ૭૦ હજાર જેટલાં વરિષ્ઠ વયના મતદાતાઓ છે. આ શહેર સરકારી કર્મચારીઓથી વસેલુ શહેર છે અને મોટાભાગના સરકારી કર્મચારીઓ અહીં ૨૦ થી ૩૫ વર્ષની નોકરી કરી સરકારમાંથી રાહત દરે પ્લોટ મેળવીને નિવૃતિ પછી અહીં જ સ્થાયી થઈ ગયા છે. સરકારમાં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત રહી ચુકેલા આ નિવૃત્ત નાગરિકો પાસે અનુભવ અને આવડત છે તેમજ તેઓ શિક્ષિક હોવાથી શહેરનું બુદ્ધિધન છે. વળી, શહેરમાં આ પેન્સનર્સની પોતાની સમસ્યાઓ પણ છે તેથી તેને વાચા આપવા તથા શહેરને સારી રીતે સમજી ચુકેલા હોવાથી શહેરના વિકાસ માટે પણ શહેરના વરિષ્ઠ નાગરિકોને પ્રતિનિધિત્વ મળે તે જરૂરી છે.

- અરૂણભાઈ ભુચ
અધ્યક્ષ, ગાંધીનગર શહેર વસાહત મહામંડળ

●●●

વડીલોને પેન્શનથી માંડીને આરોગ્યલક્ષી સુવિધાઓના પ્રશ્નો છે

ગાંધીનગરમાં સિનિયર સિટીઝન્સની સંખ્યા ખૂબ મોટી છે અને તેમને પેન્શનથી માંડીને આરોગ્યલક્ષી સુવિધાઓ સહિતના પ્રશ્નો છે, જે વડીલો એકલાં રહે છે તેમનો અવાજ પહોંચે તે પણ એટલુ જ જરૂરી છે. રાજકીય પક્ષોએ સિનિયર સિટિઝન્સને ચોક્કસ વોર્ડ આધારિત મતોના આધારે પ્રતિનિધિત્વ આપવું જોઈએ જેથી તેમના પ્રશ્નોને વાચા મળી શકે. જો કે વડીલોએ જાતે પ્રતિનિધિત્વ માંગવા કરતા તેમના પ્રશ્નોને વાચા આપતી સંસ્થાઓએ રાજકીય પક્ષોને તેવા ઉમેદવાર રાખવા સમજાવવા જોઈએ.

- ભાનુપ્રસાદ પુરાણી
નિવૃત્ત જિલ્લા શિક્ષણાધિકારી અને પૂર્વ પ્રમુખ, સિનિયર સિટિઝન કાઉન્સિલ

●●●

રાજકીય પક્ષોની આચારસંહિતા પાછળ ઘણા ઉદ્દેશો

જો રાજકીય પક્ષોએ જાતે નક્કી કર્યુ હોય કે વડીલોને ટિકીટ નહીં આપવી તો તે તેમની પોતાની આચારસંહિતા છે, રાજકીય પક્ષોની આચાર સંહિતા ચૂંટણી જીતવાથી માંડીને અનેકવિધ ઉદ્દેશોને સાંકળી લેતી હોય છે એટલે માત્ર વરિષ્ઠ નાગરિકોને સેવા કે સુવિધા માટે તેમને ફરજ ના પાડી શકાય. હા, મહાનગરપાલિકા જેવી સ્થાનિક સ્વરાજયની સંસ્થાને વિનંતી કરી શકીએ કે આપણી પાસે જ્ઞાની, અનુભવી અને સ્વસ્થ વરિષ્ઠો છે જેઓ કોઈપણ જાતના રાજકીય હિત વગર શહેરના વિકાસ માટે જરૂરી સલાહ-સૂચનો કરી શકે તેથી મહાનગરપાલિકાએ દર માસે એકવાર આવા વડીલો તથા તેમને સાંકળતી સંસ્થાઓ સાથે બેઠક યોજી તેમના જ્ઞાનનો લાભ મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

- એચ.વી. વરિયા
નિવૃત્ત સનદી અધિકારી

●●●

અન્ય મહાનગરો જેવી મર્યાદા અહીં લાગુ કરવી જરૂરી નથી

ગાંધીનગર શહેર અન્ય મહાનગરો કરતાં અલગ પ્રકારનું શહેર છે, અહીં નિવૃત્ત સરકારી કર્મચારીઓની સંખ્યા એટલી મોટી છે કે આ પેન્શનર્સનું શહેર છે તેમ પણ કહી શકાય. અહીં વસ્તીનો એક મોટો ભાગ પેન્શનર્સ છે અને આ પેન્શનર્સના ઘણા પડતર પ્રશ્નો સરકાર સાથે પણ છે તે જ રીતે મહાનગર પાલિકામાં પણ છે તેથી અહી અન્ય મહાનગરો જેવી મર્યાદા લાગુ કરવી યોગ્ય નથી અને તેની કોઈ જરૂર જણાતી નથી. રાજકીય પક્ષોએ તેમના નિયમોમાં થોડી બાંધછોડ કરીને અહીં વડીલોને કેટલાંક વોર્ડ પુરતુ પણ પ્રતિનિધિત્વ આપવું જોઈએ.

- જ્યોતિન્દ્ર દવે
પ્રમુખ, જાગૃત નાગરિક પરિષદ

સેન્ટ્રલ એસોસિએશન ઓફ પ્રાઈવેટ સિક્યુરીટી ઈન્ડરસ્ટ્રીઝ દ્વારા ૫૫ વ્યકિતને બેઝ આપી સન્માનિત કરાયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૫ જીઆઈડીસીના ગેજીયા હોલ ખાતે સેન્ટ્રલ એસોસિએશન ઓફ પ્રાઈવેટ સિક્યુરીટી ઈન્ડરસ્ટ્રીઝ દ્વારા બેઝ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજયભરમાંથી સિક્યુરીટીની સંસ્થાઓના પ્રતિનિધીઓ ઉપસ્થિત રહ્યા હતા. જયારે આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે રાજયના અધિક પોલીસ મહાનિર્દેશક નરસિમ્હા કોમર (આઈપીએસ) ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સેકટર-૨૫ ગેજીયા હોલ ખાતે આયોજીત સમારોહમા(સીએપીએસઆઈ) નેશનલ વાઈસ પ્રેસીડેન્ટ ડો.આર.કે.ત્યાગી, જનરલ સેક્રેટરી મહેશ શર્મા, મેજર જનરલ રીટાયર્ડ સંજય સોઈ(સીઈઓ સીએપીએસઆઈ), કુંવર વિક્રમસિંહજી (ચેરમેન, સીએપીએસઆઈ), અને ગુજરાત ચેપ્ટરના પ્રમુખ સમીર ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે મહેમાનોના હસ્તે દિપ પ્રાગટય કરીને કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.ત્યારબાદ સીએપીએસઆઈ દ્વારા મહેમાનોને પુષ્પગુંચ્છ અને પુસ્તક આપી સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોએ પ્રાસંગીક પ્રવચન આપ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન નરસિમ્હા કોમર (આઈપીએસ) દ્વારા સેન્ટ્રલ એસોસીએશન ઓફ પ્રાઈવેટ સિક્યુરીટી ઈન્ડરસ્ટ્રીઝ દ્વારા થતી કામગીરીની પ્રસંશા કરી હતી. તેમજ કોરોના સમયમાં સિક્યુરીટી એકમો દ્વારા બજાવેલી પ્રસંશનીય કામગીરીની સરાહના કરી હતી. ત્યારબાદ સીએપીએસઆઈના ૫૫ પ્રતિનિધીઓને બેઝ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સીએપીએસઆઈના ચેરમેન કુંવર વિક્રમસિંહજી દ્વારા તમામ સભ્યોને કરેલી કામગીરીની પ્રશંસા કરી હતી. જયારે કાર્યક્રમની આભારવિધી ડો.સમીર ત્રિવેદી (પ્રમુખ ગુજરાત ચેપ્ટર) દ્વારા કરવામાં આવી હતી.